सत्यमेव जयते

| | |
|---|---|
| રજુ કર્યા તારીખઃ | ૧૭/૧૨/૨૦૨૫ |
| દાખલ તારીખઃ | ૧૭/૧૨/૨૦૨૫ |
| ફેસલ તારીખઃ | ૨૪/૦૪/૨૦૨૬ |
| સમયગાળોઃ | વર્ષ માસ દિવસ<br>૦૦ ૦૪ ૧૨ |

## <u>જામનગરના પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજની અદાલતમાં,</u>

## <u>મુકામ જામનગર</u>

**ફોજદારી કેસ નંબરઃ૧૪૫૪૯/૨૦૨૫**
**આંકઃ–**

**ફરીયાદીઃ– શ્રી સરકાર**

**–:: વિરૂધ્ધ ::–**

**આરોપીઃ– ૧. વિશાભાઇ દાનાભાઇ ગરસર,**
ઉ.વ.૩૧, ધંધોઃમાલધારી,
રહે.કપુરડીનેશ મોડપર ગામ,તા.ભાણવડ
જી.દેવભુમિ દ્વારકા.

**૨. સુખદેવસિંહ ઉર્ફે સુખુભા ભનુભા ચુકાસમા,**
ઉ.વ.૩૫, ધંધોઃ મજુરી
રહે.ગાંધીનગર પુનીતનગર નાવ આશાપુરા
મંદિર પાસે જમનગર.

**૩. ડાયાભાઇ ઉર્ફે રમેશભાઇ ચનાભાઇ ચાવડા,**
ઉ.વ.૨૪, ધંધોઃ માલધારી
રહે.ધુમલી સીમ વિસ્તાર શૈલેશ્વર મહાદેવના મંદિરની બાજુમા તા.ભાણવડ,જી.દેવભુમિ દ્વારકા.

**ગુન્હોઃ– <u>પ્રોહીબીશન એકટની કલમઃ–૬૫(ઈ),૮૧,૯૮(૨)મુજબ.</u>**

==========================================

ફરીયાદપક્ષે વિ. એ.પી.પીઃ–પી.જે.પટેલ
આરોપીઓ તરફે વિ. વકીલશ્રીઃ–જે.એલ.ટાંક

==========================================

**–:: <u>ઠરાવ</u> ::–**

**૧.** ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ પોતાના કબજાની ફોરવ્હીલ કારમાં દેશી પીવાનો દારૂ હેરાફેરી કરી રાખી રેઈડ દરમ્યાન દેશી દારૂ લી.૬૦૦ કિં.રૂા.૧,૨૦,૦૦૦/– તથા મહીન્દ્રા કંપનીની એકસ.યુ.વી–૫૦૦ સફેદ કલરની કાર નં.જીજે.૦૪.બીઈ.૮૩૩૮ કિં.રૂા.૬,૦૦,૦૦૦/– તથા મોબાઈલ ફોન–૧ કિં.રૂા.૫૦૦/– મળી કુલ રૂા.૭,૨૫,૦૦૦/– નો વેચાણ અર્થે રાખી રેઈડ દરમ્યાન આરોપી નં.૧ વાળો પકડાઇ જતા તથા આરોપી નં.૨ વાળાએ દારૂનો જથ્થો મંગાવેલ તથા આરોપી નં.૩ વાળાએ દારૂનો જથ્થો પોતાની માલીકીની કારમા સપલાય કરી તપાસ દરમ્યાન પકડાઇ જતા,ફરીયાદીની ફરીયાદનાં આધારે આરોપીઓ સામે પ્રોહીબીશન એકટની કલમઃ–૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબની જામનગર સિક્કા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપવામાં આવેલ. આ કામે તપાસનીશ અધિકારીએ તપાસ કરી, બનાવવાળી જગ્યાએ પંચનામુ કરેલ,

લાગતા વળગતાં સાહદોનાં નિવેદન લીધેલ, આરોપીઓને ધોરણસર અટક કરેલ. પંચનામાની વિગતે મુદ્દામાલ કબજે કરેલ. ત્યારબાદ સદર કામે તપાસનાં અંતે આરોપીઓ વિરૂધ્ધ પુરતો હોવાનુ જણાતાં હાલનુ ચાર્જશીટ અત્રેની અદાલતમાં રજુ કરવામાં આવેલ છે.

**૨.**સદર કામે આરોપીઓ કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને ક્રિ.પ્રો. કોડ ની કલમઃ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો વિના મુલ્યે આપવામાં આવેલ છે.ત્યારબાદ આરોપીઓને તેમની સામેનાં ગુન્હાની હકિકત વાંચી સંભળાવી સમજાવી,આરોપીઓને આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી,આંક–૦૫ થી આંક–૦૭ સુધી આરોપીઓની પ્લી નોંધતાં. આરોપીઓએ ગુન્હાનો ઈન્કાર કરતાં આરોપીઓ સામે ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

**3.**સદર કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આ કામે નીચે મુજબનો મૌખિક તેમજ લેખિત દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**–: મૌખિક પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ભરતભાઇ નાનજીભાઇ ડાંગરની જુબાની | ૧૧ |
| ૨. | પંચસાહેદ વિશાલ જેન્તીભાઇ દેસાણીની જુબાની | ૧૩ |
| ૩. | ત.ક.અ.ક્રિપાલસિંહ ચંદ્રસિંહ જાડેજાની જુબાની | ૧૬ |

**૪.**સદર કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

**–: દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૨ |
| ૨. | પંચનામું | ૧૪ |

**૫.**સદર કામે ઉપર મુજબનો પુરાવો નોંધાયા બાદ ફરીયાદપક્ષે વધુ કોઇ મૌખિક તથા લેખિત પુરાવો રજુ કરવામા આવેલ નથી.

**૬.**ત્યારબાદ ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનુ ક્રિ.પ્રો.કોડ કલમઃ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીઓએ ફરીયાદપક્ષનાં તમામ પુરાવાનો ઈન્કાર કરેલ છે અને તેઓ ઉપર ખોટો કેસ કરેલ હોય આ કામમાંથી મુકત કરવા અરજ કરેલ છે. આ કામે ક્રિ. પ્રો. કોડ કલમઃ–૩૧૪ અન્વયે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીની તથા આરોપીઓના વિ.વકીલશ્રીની વિગતવારની દલીલો સાંભળી.

**૭.**આ કામનાં ન્યાયિક નિર્ણય માટે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**મુદ્દા નંબરઃ**

**૧.** શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ પોતાના કબજાની ફોરવ્હીલ કારમાં દેશી પીવાનો દારૂ હેરાફેરી કરી રાખી રેઇડ દરમ્યાન દેશી દારૂ લી.૬૦૦ કિં.રૂા.૧,૨૦,૦૦૦/– તથા મહીન્દ્રા કંપનીની એકસ.યુ.વી–૫૦૦ સફેદ કલરની કાર નં.જીજે.૦૪.બીઈ.૮૩૩૮ કિં.રૂા.૬,૦૦,૦૦૦/– તથા મોબાઇલ ફોન–૧ કિં.રૂા.૫૦૦/– મળી કુલ રૂા.૭,૨૫,૦૦૦/– નો વેચાણ અર્થે રાખી રેઇડ દરમ્યાન આરોપી નં.૧ વાળો પકડાઇ જતા તથા આરોપી નં.૨ વાળાએ દારૂનો જથ્થો મંગાવેલ તથા આરોપી નં.૩ વાળાએ દારૂનો જથ્થો પોતાની

માલીકીની કારમા સપલાય કરી તપાસ દરમ્યાન પકડાઇ જતા,ફરીયાદીની ફરીયાદનાં આધારે આરોપીઓ સામે પ્રોહીબીશન એકટની કલમઃ-૬૫(ઇ), ૮૧, ૯૮(૨) મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

**૨.** શું હુકમ ?

**૮.મુદ્દાઓ પરનાં નિર્ણયોઃ-**

મુદ્દા નંબરઃ૧. નકારમાં

મુદ્દા નંબરઃ૨. આખરી હુકમ મુજબ

## -: નિર્ણય માટેના કારણો :-

**મુદ્દા નંબરઃ૧.**

**૯.**સદર કામે સૌપ્રથમ ફરીયાદપક્ષે આંક-૧૧થી ફરીયાદી ભરતભાઇ નાનજીભાઈ ડાંગરનાઓને તપાસવામાં આવેલા તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમા જણાવે છે કે,તા. ૨૩/૦૯/૨૦૨૫ ના રોજ એલ. સી. બી. ખાતે એ. એસ. આઈ. તરીકે ફરજ બજાવતા હતા દરમિયાન ગઈ તા. ૨૩/૦૯/૨૦૨૫ ના રોજ વાગ્યાથી તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે સરકારી વાહનમાં સિકકા પો. સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન ફરતા ફરતા ખંભાળીયા હાઈવે રોડ ઉપરના ગોરધનપર નામના પાટીયા પાસે કલાક ૨૨:૫૫ વાગ્યે ખાનગી રાહે હકીકત મળેલ કે એક સફેદ કલરની એસ. યુ. વી. જી. જે. ૪ બી. ઈ. ૮૩૩૮ માં દેશી દારૂનો જથ્થો ભરીને બેડ ટોલ નાકા તરફથી જામનગર તરફ આવી રહેલ છે તેવી હકીકીત મળતા તુરત જ બે

રાહદારી પંચો (૧) વિશાલ (૨) ભરતનાઓને બોલાવી ઉપરોકત હકીકતની સમજ કરી સદર વાહનની વોચમાં રહેતા કલાક ૨૩:૦૫ વાગ્યે ઉપરોકત નંબરની એસ. યુ. વી. આવતા તેને રોકી લઈ કોર્ડન કરી કારના ડ્રાઈવર સીટમાં બેસેલા ઈસમનું નામ પૂછતાં વિશા દાના ગરસર રે. કપુરડી નેશ, મોડપર, તા. ભાણવડ, જી. દ્વારકા હોવાનું જણાવેલ તેને હકીકતની સમજ કરી કારની જડતી તપાસ કરતા પાછળની સીટ તથા ડેકીમાંથી પ્લાસ્ટીકના બાચકામાંથી. દેશી પીવાનો દારૂ ભરેલ બુંગીયા મળી આવેલ. જે રાખવા પાસ પરમીટ માં ગતા નહિ હોવાનું જણાવેલ. જે મુદામાલ પંચનામાની વિગતે કબજે કરેલ તથા તે કારમાંથી એક મોબાઈલ મળી આવેલ અને દેશી દારૂ લીટર ૬૦૦ જેનું પંચનામું પી. એસ. આઈ. શ્રી સી. એમ. કાંટેલીયાનાએ કરી આરોપીને ધોરણ સર અટક કરેલા અને દારૂ કોની મેળવ્યાની પાસેથી કરેલા પૂછપરછ કરતા સદરહું દારૂ રમેશ રબારી પાસેથી મેળવેલ હોવાનું જણાવેલ અને તે દારૂ સુખદેવસિંહને આપવાનું જણાવેલ અને તેઓએ આ કામે આરોપી સામે સરકારશ્રી તરફે ફરીયાદ આપેલી. તેમને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે જે રજુ દા.આંક-૧૨ આરોપીને તેઓ જોયેથી ઓળખે છે જે આજરોજ કોર્ટમાં હાજર નથી. બચાવ પક્ષે ઓળખની તકરાર નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ વાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે ત્યાં ઘણા બધા માણસોની અવર જવર રહે છે તથા ઘણાં મકાનો આવેલા છે. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે,પેટ્રોલીંગમાં નીકળીએ ત્યારે

લોગ બુકમાં નોંધ કરવામાં આવે છે. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કામે તેઓ પેટ્રોલીંગમાં સરકારી વાહનમાં ગયેલા તે વાહનનો નંબર તેઓએ તેમની ફરીયાદમાં દર્શાવેલ નથી. સદર સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, કહેવાતો મુદામાલ મળી આવેલ નથી પરંતુ કામગીરી બતાવવા ખોટો કેસ કરેલ છે. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કામે વાહન માલીકી અંગેનો કોઈ આધાર પુરાવો તેઓએ રજુ રાખેલ નથી. સદર સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે,આરોપી વિરૂધ્ધ કોઈ પુરાવો મળી આવેલ ન હોવા છતાં તેમની ખોટી ફરીયાદને સમર્થન કરવા નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપે છે.

**૯.૧** ત્યારબાદ ફરીયાદીપક્ષે પંચસાહેદ વિશાલ જેન્તીભાઈ દેસાણી નાઓને આંક–૧૩ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,તેમને પંચનામાની નકલ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે ઓળખી બતાવે છે. જે રજુ દા. આંક-૧૪ તેઓ નોરતાના સમયે ચા પીવા માટે ગોવર્ધન હોટેલ પાસે ગયેલા હતા ત્યારે રાત્રીનો સમય હતો ત્યારે એલ. સી. બી. ના પોલીસે તે કારમાંથી ૬૦૦ લીટર દેશી દારૂ પકડેલો હતો. આ દારૂ તેમની હાજરીમાં પકડેલો હતો અને સદરહું પંચનામું તેમની હાજરીમાં થયેલુ હતુ. કારનો નંબર હાલ તેમને યાદ નથી. કઈ કાર હતી તે પણ તેમને યાદ નથી. કાર બ્લેક કલરની હતી. કાર ચાલકને તેઓ ઓળખી શકે નહિ. આરોપી કોર્ટમાં હાજર હોય તો તેઓ ઓળખી શકે નહિ. પોલીસે કાર તથા દારૂ કબજે કરેલ.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ સ્વીકાર કરે છે કે,તેઓ કારખાનામાં મજુરી કરે છે. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે,પોલીસે તેમની પંચનામામા સહિ કરાવેલી ત્યારે ત્યાં કોઈ માણસો હતા નહિ. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે પંચનામું તૈયાર કરી લીધેલ અને તેમને સહિ કરવાનું કહેતા તેમને સહિ કરેલી. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, પંચનામામાં શું લખેલ છે તેની તેમને ખબર નથી. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે,કાર હતી પરંતુ તે કઈ કંપનીની હતી તેની તેમને ખબર નથી. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે,સદરહું કાર પોલીસ વાળાની પણ હોઈ શકે. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કારનો ડ્રાઈવર કોણ હતો તેની તેમને ખબર નથી. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કારમાં કોણ કોણ બેઠું હતુ તેની તેમને ખબર નથી. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, ફકત દારૂ હતો તેની તેમને ખબર છે બાકી કશુ તેમને ખબર નથી. સદર સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓની હાજરીમાં કોઈપણ કાર કે દેશી પીવાનો દારૂ કબજે કરવામાં આવેલ છે. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, તૈયાર પંચનામામાં તેમને સહિ કરેલી, પંચનામામા શું વિગત લખેલી હતી તેની તેમને ખબર નથી.

**૯.૨** ત્યારબાદ ફરીયાદીપક્ષે તપાસ કરનાર અમલદાર ક્રિપાલસિંહ ચંદ્રસિંહ જાડેજા નાઓને આંક–૧૬ થી તપાસવામાં આવેલ છે. તેઓ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે કે,તા. ૨૩/૦૯/૨૦૨૫ ના રોજ એલ. સી. બી. ખાતે હેડ કોન્સ. તરીકે ફરજ બજાવતા હતા દરમિયાન ગઈ તા.

૨૩/૦૯/૨૦૨૫ ના રોજ ૨૧:૦૦ વાગ્યાથી તેઓ તથા પોલીસ સ્ટાફના માણસો સાથે સરકારી વાહનમાં સિકકા પો. સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન ફરતા ફરતા ખંભાળીયા હાઈવે રોડ ઉપરના ગોરધનપર નામના પાટીયા પાસે કલાક ૨૨:૫૫ વાગ્યે ખાનગી રાહે હકીકત મળેલ કે એક સફેદ કલરની એસ. યુ. વી. જી. જે. ૪ બી. ઈ. ૮૩૩૮ માં દેશી દારૂનો જથ્થો ભરીને બેડ ટોલ નાકા તરફથી જામનગર તરફ આવી રહેલ છે તેવી હકીકીત મળતા તુરત જ બે રાહદારી પંચો (૧) વિશાલ (૨) ભરતનાઓને બોલાવી ઉપરોકત હકીકતની સમજ કરી સદર વાહનની વોચમાં રહેતા કલાક ૨૩:૦૫ વાગ્યે ઉપરોકત નંબરની એસ. યુ. વી. આવતા તેને રોકી લઈ કોર્ડન કરી કારના ડ્રાઈવર સીટમાં બેસેલા ઈસમનું નામ પૂછતાં વિશા દાના ગરસર રે. કપુરડી નેશ, મોડપર, તા. ભાણવડ,જી. દવારકા હોવાનું જણાવેલ તેને હકીકતની સમજ કરી કારની જડતી તપાસ કરતા પાછળની સીટ તથા ડેકીમાંથી પ્લાસ્ટીકના બાચકામાંથી દેશી પીવાનો દારૂ ભરેલ બુંગીયા મળી આવેલ. જે રાખવા પાસ પરમીટ માંગતા નહિ હોવાનું જણાવેલ. જે મુદામાલ પંચનામાની વિગતે શ્રી સી. એમ. કાંટેલીયા સાહેબે કબજે કરેલ તથા તે કારમાંથી એક મોબાઈલ મળી આવેલ અને દેશી દારૂ લીટર ૬૦૦ જેનું પંચનામું પી. એસ. આઈ. શ્રી સી. એમ. કાંટેલીયાનાએ કરી આરોપીને ધોરણસર અટક કરેલા અને દારૂ કોની પાસેથી મેળવ્યાની પૂછપરછ કરતા સદરહું દારૂ રમેશ રબારી પાસેથી મેળવેલ હોવાનું જણાવેલ અને તે દારુ સુખદેવસિંહને આપવાનું જણાવેલ. તેઓ સદરહું રેડમાં સાથે હતા. સરકારશ્રી તરફે ફરીયાદ ભરતભાઈ ડાંગરનાઓએ આપેલી. સદરહું ફરીયાદ પી. એસ. ઓ. એ રેકર્ડે લઈ આગળની તપાસ માટે તેઓને સોંપતા તેઓએ આ કામે લાગતા વળગતા સાહેદોના

નિવેદનો લીધેલા તથા બાકીના આરોપીઓને અટક કરેલા તથા તપાસના અંતે આરોપીઓ સામે પુરતો પુરાવો મળી આવતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલું. આરોપીઓને તેઓ જોયેથી ઓળખે છે જે આજરોજ કોર્ટમાં હાજર નથી. બચાવ પક્ષે ઓળખની તકરાર નથી.

ત્યારબાદ બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, બનાવ વાળો વિસ્તાર જાહેર વિસ્તાર છે ત્યાં ઘણા બધા માણસોની અવર જવર રહે છે તથા ઘણાં મકાનો આવેલા છે.સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે,પેટ્રોલીંગમાં નીકળીએ ત્યારે લોગ બુકમાં નોંધ કરવામાં આવે છે. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે,આ કામે તેઓ પેટ્રોલીંગમાં સરકારી વાહનમાં ગયેલા તે વાહનનો નંબર ફરીયાદીએ પોતાની ફરીયાદમાં દર્શાવેલ નથી. સદર સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે,કહેવાતો મુદામાલ મળી આવેલ નથી પરંતુ કામગીરી બતાવવા ખોટો કેસ કરેલ છે. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આ કામે વાહન માલીકી અંગેનો કોઈ આધાર પુરાવો તેઓએ તપાસના કામે કબજે કરેલ નથી. સદર સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે, આરોપી વિરૂધ્ધ કોઈ પુરાવો મળી આવેલ ન હોવા છતાં ફરીયાદીની ખોટી ફરીયાદને સમર્થન કરવા નામદાર કોર્ટમાં ખોટી જુબાની આપે છે. સદર સાહેદ એ હકીકતનો ઈન્કાર કરે છે કે,આરોપીઓ વિરૂધ્ધ કોઈપણ પુરાવો મળી ન આવવા છતાં નામદાર કોર્ટમાં ખોટું ચાર્જશીટ કરેલ છે. સદર સાહેદ એ હકીકતનો સ્વીકાર કરે છે કે, કહેવાતું પકડાયેલું પ્રવાહી દેશી બનાવટનો દારૂ છે તેવું દર્શાવતો કોઈ એફ. એસ. એલ. રીપોર્ટ ચાર્જશીટમાં સામેલ રાખેલ નથી. સદર સાહેદ એ હકીકતનો

સ્વીકાર કરે છે કે, આવો રીપોર્ટ આજદિન સુધી આ કામે તેમને મેળવેલો હોય તેવું બનેલ નથી.

**૧૦.** આમ,રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા આ કામે બનાવ સમયે હાલના આરોપીઓ પાસેથી દારૂ કબ્જે કરેલ હોવાનો પ્રોસીકયુશનનો કેસ છે.જ્યારે પ્રોસીકયુશનના કેસ મુજબ બનાવવાળી જાહેર જગ્યા હોય અને ત્યાં માણસોની સતત અવર જવર ચાલુ રહે છે તો પ્રોસીકયુશન પોતાનો કેસ સાબીત કરવા સ્વતંત્ર સાહેદોને તપાસી શકયુ હોત.વધુમાં આ કામે તપાસવામાં આવેલ પંચસાહેદએ આંક-૧૪ વાળા પંચનામામા પોતાની સહી ઓળખી બતાવેલ છે અને જણાવેલ છે કે બનાવ તેઓની હાજરીમા બનેલ છે. પરંતુ બનાવમા વપરાયેલ કારનો નંબર શું હતો તેની તેઓને જાણ નથી અને કાર ચાલકને પણ તેઓ ઓળખતા નથી. સદર પંચસાહેદ પોતાની ઉલટતપાસમા સદર હકીકત જણાવે છે કે, પોલીસે તૈયાર પંચનામામા પોતાની સહી કરેલી પંચનામું વાંચેલ ન હતું પંચનામામા શું લખેલ છે તેની તેઓને ખબર નથી. કારમા કોણ બેઠું હતું,કાર કોણ ચલાવતું હતું તેની પણ તેઓને જાણ નથી. તેઓની હાજરીમા કોઈ મુદદામાલ દેશી દારૂ કબજે કરેલ ન હોય.આ કામે ફરીયાદી ને તપાસવામાં આવેલા છે પરંતુ ફરીયાદીએ પોલીસ સાહેદ છે તેથી સ્વાભાવિક છે કે તેઓ પોતાની ફરીયાદ હકીકતને વળગી રહે પરંતુ જયાં સુધી તેઓના પુરાવાને કોઈ સ્વતંત્ર સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી પોલીસ સાહેદોનો પુરાવો વિશ્વસનીય માની શકાય નહી. આ કામે પુરાવો જોવા જઈએ તો તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા કોઈ સ્વતંત્ર સાહેદો નાં નીવેદનો લીધેલાનુ જણાતુ

નથી. આ કામે પ્રથમ પંચનામુ તે પછી ફરીયાદ થયેલ હોવાનુ જણાઈ આવે છે. આ કામે મુદ્દમાલ મળી આવેલ તે જગા ની માલીકીનો પુરાવો પણ આ કામે તપાસ કરનાર અમલદારશ્રી દ્વારા કબજે અથવા આ કામે સાબીત કે રજુ નથી. આરોપીઓનાં કોન્શીયશ પઝેશન બાબત સાબીત કરવા મુદ્દામાલ મળી આવેલ તે જગા નુ પઝેશન આરોપીઓનાં તાબામાં તે વખતે હતુ તે દર્શાવવુ ની:શંક પણે કેસ સાબીત કરવા માટે ફરીયાદ પક્ષ માટે જરૂરી હતું. જે આ કામે સાબીત નથી. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ નાં ચુકાદાઓ અનુસાર આરોપીઓને અનન્ય અને સભાનપણાનો કબજો EXCLUSIVE & Conscious possession પુરવાર થતુ નથી. ઉપરોકત ચર્ચા અનુસાર આથી આરોપીઓને શંકા નો લાભ લેવા હકકદાર જણાય છે. બીજા પાસા મુજબ આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો સ્ટેટ ઓફ ગુજરાત વિ. સુરેશભાઈ એસ પટેલ જીએચજે ૨૦૧૧ ભાગ ૨૬ પાનાં નં.૧નો ચુકાદો ધ્યાને લીધો. જેમા ઠરાવેલ કે જો મૌખીક તથા દસ્તાવેજી પુરાવાથી અગર એક પંચ સાહેદ હોસ્ટાઈલ જાહેર થવાથી પણ પઝેશન જડતી અને જપ્તીનાં પ્રોહીબીશનનાં કેસ Beyond reasonable doubt પુરાવાર થઈ શકે નહી. અને નામદાર હાઈકોર્ટે નીર્દોષ ઠરાવીને છોડી મુકતા ચુકાદાને યથાર્થ ઠેરવેલ. સદર કેસમાં પંચો વિમુખ છે. ખુદ ફરીયાદપક્ષ તે ની:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે કથીત મુદ્દામાલ આરોપીનાં સભાનપણાનાં કબજા Exclusive and Conscious Possession માંથી કબજે લેવાયેલ છે. આથી આ કામે થયેલ જડતી અને જપ્તીની પ્રકીયા પણ શંકાસ્પદ થયેલ હોવાનું જણાય છે. આમ, આ કામના આરોપીઓ વગર પાસ પરમીટે ગેરકાયદેસર રીતે પરપ્રાંતીય દારૂ પોતાના કબજામાં રાખી પકડાઈ જઈ મળી

આવેલ હોય અને તેવી હકિકતને સાબિત કરવા કોઈ સ્વતંત્ર સાહેદોની જુબાની લીધેલ ન હોય. આમ, હાલના આરોપીઓ ફરિયાદપક્ષના કથનો મુજબ દારૂ રાખી પોલીસ રેડ દરમ્યાન પકડાઈ જઈ મળી આવેલ હોય તેવી હકિકત ફરિયાદ પક્ષે નિ:શંકપણે સાબિત થયાનું કહી શકાય તેમ નથી. આમ, પ્રોસીકયુશનના કેસ મુજબનો કોઈ ગુનો સાબીત થતો ન હોય, **મુદ્દા નં.૧** નો જવાબ "નકારમાં" આપુ છું અને **મુદ્દા નં.૨** અન્વયે નીચે મુજબનો ''આખરી હુકમ'' ફરમાવુ છું.

**-:: હુકમ ::-**

**૧.** આરોપી નંબર ૧.વિશાભાઇ દાનાભાઇ ગરસર,રહે.કપુરડીનેશ મોડપર ગામ,તા.ભાણવડ જી.દેવભુમિ દ્વારકા તથા આરોપી નં. ૨.સુખદેવસિંહ ઉર્ફે સુખુભા ભનુભા ચુકાસમા રહે.ગાંધીનગર પુનીતનગર નાવ આશાપુરા મંદિર પાસે જમનગર તથા આરોપી નં.૩.ડાયાભાઇ ઉર્ફે રમેશભાઇ ચનાભાઇ ચાવડા રહે.ધુમલી સીમ વિસ્તાર શૈલેશ્વર મહાદેવના મંદિરની બાજુમા તા.ભાણવડ,જી.દેવભુમિ દ્વારકા. વાળાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧)અન્વયે પ્રોહીબીશન એકટની કલમ-૬૫(ઈ),૮૧,૯૮(૨) મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** સદર કામે મુદ્દામાલ વાહનો તથા મોબાઈલ તેના મુળ માલીકને આધાર પુરાવાઓની ખરાઇ કરી સોંપી આપવા તથા બાકીના મુદામાલનો અપીલ સમય બાદ નિયમોનુસાર નાશ કરવો.

3. આ કામના આરોપીઓના સીઆર.પી.સીની કલમ–૪૩૭(એ) મુજબના સમય માટે જુના જામીન ચાલુ રાખવામા આવે છે.

હુકમ આજ રોજ તારીખઃ૨૪મી,માહે:એપ્રિલ,સને:૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જામનગર.
તા.૨૪/૦૪/૨૦૨૬

(મેહુલકુમાર કિશોરસિંહ ખેર)
પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ &
અધિક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ,જામનગર.
(કોડ નંબર –GJ00859 )

D.G.PATOLIYA